Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue-17 | October – December 2016

# આજના સંદર્ભે ભારતીય સાહિત્ય

અહીં આજનાસંદર્ભે એટલે આધુનિક સમયનો નિર્દેશ છે. આ આધુનિક સમય એટલે ટેકનોલોજીના ઉચ્ચ શિખરે બેઠેલો આજનો સમય. ગુગલની ગજબની દુનિયા, ફેસબુકની ફેરફુદરડી અને વ્હોટ્સએપના વંટોળનો સમય. ભૌતિક સુખ સગવડની અપાર શક્યતા અને ઉપલબ્ધિ વચ્ચે આજનો મનુષ્ય જીવી રહ્યો છે. ભારતનો મનુષ્ય પણ એમાં પાછળ નથી. આજના સમયમાં વ્યક્તિએ રોજેરોજ પોતાની જાતને અપડેટ રાખવાનું જાણે કે અત્યંત જરૂરી બની ગયું છે. પળવારમાં વિશ્વના કોઈ પણ ખૂણાનો સંપર્ક સાધી શકાય છે.આ બધું જોતા તો લાગે છે કે વિકાસની કેટલી હરણફાળ ભરી છે આજના મનુષ્યે! પણ આજના એટલે કે હાલના-અત્યારના-પ્રેઝન્ટ ટાઈમમાં જીવતો માણસ, આ માણસોનો સમૂહ એટલે કે સમાજ, એ વિવિધ સમાજોનો બનેલો આ ભારત દેશ કેટલીયે આધિ-વ્યાધિ-ઉપાધીમાં સપડાયેલો છે તેના તરફ દ્રષ્ટિકોણ કરીએ તો આપણને પેલા ઉચ્ચતમ વિકાસના ખોખલા ચહેરા પ્રત્યે નફરત થઈ જાય એવી પૂરી શક્યતા છે. અહી આવા સમયમાં ફેલાયેલી સમસ્યા અને તેના સંદર્ભમાં ભારતીય સાહિત્યની પ્રસ્તુતતાને ચર્ચવાનો ઉપક્રમ છે.

લિન યુટાંગકહે છે- "વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની એક લાગણી.ધર્મ એટલે જીવન વિશેના આદરની લાગણી. સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી."૧આજે વિજ્ઞાન તો ભરપુર પ્રગતિ કરી રહ્યું છે અને કહેવાતો એવો ધર્મ તો એટલો ફૂલ્યો ફાલ્યો છે કે એની વાત જ ના થઈ શકે, અખાએ વર્ષો પહેલા કહેલું કે- "ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?"૨ એ પંક્તિનો આજે વિચાર કરવો અત્યંત જરૂરી બની ગયો છે. એટલે વિજ્ઞાન અને ધર્મનું તો ઠીક પરંતુ સાહિત્યનું વાંચન અને પરિશીલન સાવ ઘટતું ગયું. વર્ષોથી શીખતા અને શીખવતા આવ્યા તે शब्दार्थोसहितौ ! 'શબ્દ અને અર્થને સમાવનાર' એટલે સાહિત્ય, આ શબ્દ અને અર્થનું તત્વ માણસને-દુનિયાને જીવનનું ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડે છે. આજના આધુનિક સમયમાં માણસ ખુશ નથી, સત્ય ટકતું નથી, પ્રામાણિકતા ખપતી નથી, નૈતિક મૂલ્યોનો નાશ થયો છે, ઠગાઈ-ચોરી-લુંટફાટ-બળાત્કારના બનાવો અધધધ....ગતિએ વધી રહ્યા છે. કોમવાદી ઝઘડાઓનો ઝંઝાવાત છે, ભણેલો અને શિક્ષિત ગણાયેલો વર્ગ ભ્રષ્ટ-બેઈમાન બનતા અચકાતો નથી અને રોજેરોજ નવા નવા સ્કેન્ડલ આપણી સામે આવતા રહે છે. બીજાના સુખથી સતત દુખી થતો રહેલો આજનો માણસ-સમાજ પોતપોતાના ધારાધોરણોને પંપાળીને બેઠેલો છે, એના ધારાધોરણોમાં બંધબેસતું સત્ય એજ એના માટે સત્ય, બીજું બધું અસત્ય અને નકામું. દશ સેકન્ડમાં ઈન્ટરનેટ મારફતે વિશ્વના કોઈ પણ ખૂણામાં પહોંચનાર માણસની માનસિકતા જાણે કે જડ બની ગઈ છે ત્યારે બાહ્ય વિકાસની સાથે સાથે આપણે માનસિક વિકાસ નથી કર્યો એની ખાતરી થઇ જાય છે. ગ્લોબલાઈઝેશનથી બધા ખુશ

છે પણ એટલી જ ગ્લોબલ માનસિકતા રાખીને સર્વનો સ્વીકાર આજના સમયમાં ક્યાં થઈ શક્યો છે? પરિણામે રોજેરોજના કદરૂપા બનાવોના કદરૂપા ચહેરા આપણી સામે આવતા રહે છે અને વળી સમય પણ એવો છે કે એવી ઘટનાઓથી હવે આપણને કોઈ ખાસ ફેર પડતો નથી, એવું બધું ભૂલી જવાની આદતોથી આપણે સૌ જાણે કે ટેવાઈ ગયા છે. આવા વૈચારિક કટોકટીના સમયમાં સાર્વત્રિક, સર્વકાલીન એવા સાહિત્યસર્જકો અને એમનું સાહિત્ય યાદ આવે છે, એનું વાંચન અને મનન થાય તો આધુનિક આપદાઓ દૂર થાય.વ્યાસ, વાલ્મીકી, કાલિદાસ, નરસિંહ, મીરાં, અખો, કબીર, ભવભૂતિ, બાણ આજે એકદમ એપ્રોપ્રીએટ પ્લસ અરજન્ટ લાગે છે. આપણા રામાયણ, મહાભારત, વેદો, ઉપનિષદો, પુરાણો, દર્શનશાસ્ત્રો હંમેશા માનવી માટે  માર્ગદર્શક સમાન બની રહ્યા છે. મધ્યકાલીન ભારતીય સાહિત્યથી લઈને હાલના ઉત્તરઆધુનિક ભારતીય સાહિત્યમાં સત્વશીલ શાણપણ રજૂ થયેલું જોઈ શકાય છે. આજે ભારતની કુલ ૨૫થી વધારે બંધારણ માન્ય ભાષાઓમાં સાહિત્ય રચાય રહ્યું છે એ ભારતીય સાહિત્ય છે. ડૉ.ઇન્દ્રનાથ ચૌધુરીએ ભારતીય સાહિત્યના માળખા વિશે કંઇક આવું નોંધ્યું છે- “ભારતીય સાહિત્ય શરૂ શરૂમાં સૌન્દર્ય, આનંદ અને જ્ઞાનમુલક હતું. મધ્યયુગમાં એણે પહેલા સાધનાત્મક કે ભક્તિમુલક અને દાર્શનિકરૂપ ધારણ કર્યું. ત્યારબાદ ભક્તિ શૃંગારનું પ્રતીક બની ગઈ અને પછી આવ્યો આધુનિક યુગ. સમાજસુધારણા તરફ લેખકોનું ધ્યાન દોરાયું અને પછી તો સામ્રાજ્યવાદ વિરુદ્ધ દેશમાં મોરચો મંડાયો. ભારતના પ્રત્યેક લેખકે દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમનું સાહિત્ય લખવા માંડ્યું-તેની સાથોસાથ નવજાગરણનો પવન ફૂંકાયો અને માનવતાવાદ, વ્યક્તિસ્વાતંત્ર્ય તથા પ્રગતિની પ્રેરણાના વાયરા વાયા. આ સ્વરમાં Romanticismનો પણ એક સ્વર જોડાઈ ગયો. કવિની કલ્પના પાંખ વિસ્તારીને સ્વપ્નલોકમાં વિચરણ કરવા લાગી. તત્પશ્ચાત પહેલા અને બીજા વિશ્વયુદ્ધના આઘાતોથી સામાજિક ચેતના પ્રસ્ફુટિત થઈ, જેને પરિણામે ભારતીય સાહિત્યમાં પ્રગતિવાદનો જન્મ થયો. આજે સ્થિતિ કંઇક જુદી છે. આજનો લેખક ગૂંગળામણ, અવિશ્વાસ, અરાજકતા તથા મૂલ્યહીનતાના પરિવેશમાં શ્વાસ લઈ રહ્યો છે. ભારતીય સાહિત્યનું આ એક સંક્ષિપ્ત માળખું છે.”૩

ઉપરોક્ત કથનમાં છેલ્લે જે આધુનિક સમયની વાત છે તેના સંદર્ભે ભારતીય સાહિત્યકાર આજની જે સ્થિતિ પરિસ્થિતિ સામે વિવશ છે એ આપણા જ્ઞાનપીઠ વિજેતા કવિ રાજેન્દ્ર શાહ કંઇક આ રીતે રજૂ કરે છે-

“આંહી લાખ લોકનું મિલન છે; રે છતાં

સંગમાં સંગ છે માત્ર પોતાતણો....

આંહી તો ‘રેસ’ ચાલી રહી....

કોણને ઓળખે કોણ? –હ્યાં”૪

અહીં કોઈ કોઈને ઓળખતું નથી.જ્યાં જુઓ ત્યાં ‘રેસ’છે,અને આ ‘રેસ’માં વિદ્યાર્થીઓથી માંડીને કરોડપતિઓ મોટી સંખ્યામાં આપઘાત કરી રહ્યા છે. વળી માણસ આધુનિક સમયમાં એટલો વ્યસ્ત અને ત્રસ્ત થતો ગયો કે આપણા પ્રથમ ગુજરાતી જ્ઞાનપીઠ કવિ ઉમાશંકર જોશી કહે છે તેમ તેની સ્થિતિ કંઇક આવી થઈ ગઈ-

“પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહિ.”૫

પણ આ આધુનિક માનવી જેટલો વ્યસ્ત થતો ગયો એટલો જ નવા નવા પ્રશ્નો પેદા કરતો ગયો. આજે વિચારો વગરના ટોળાં ગમે ત્યારે ગમે તે પ્રવૃત્તિ કરવા તત્પર હોય છે.હિંદુ-મુસ્લીમના કોમી ઝઘડા અને એકમેક પ્રત્યે નફરત એ સળગતો સવાલ બનીને દેશ આખામાં ફર્યા કરે છે પણ એનો કોઈ ઉકેલ નથી મળતો .સાહિત્યકારો તો કહી કહીને થાક્યા કે-

"તુ હિંદુ બનેગા,ન મુસલમાન બનેગા

ઇન્સાન કી ઔલાદ હૈ,ઇન્સાન બનેગા"૬

તો વળી નિદા ફાઝલી પણ કંઇક આવું કહે છે-

"કોઈ હિંદુ, કોઈ મુસ્લીમ, કોઈ ઈસાઈ હૈ

સબ ને ઇન્સાન ન બનને કી કસમ ખાઈ હૈ"૭

પ્રેમના નામે આજે પૂર આવ્યું છે, પણ એ સ્વાર્થી પ્રેમ છે એટલે જ તેમાં અવિશ્વાસ, નફરત અને દુઃખ છે. પ્રેમ માટે તો કબીર કહે છે-

"પોથી પઢ પઢ જગ મુઆ,પંડિત ભયો ન કોઈ

"ઢાઈ આખર  પ્રેમ કે,જો પઢે સો પંડિત હોઈ"૮

અને આવો પ્રેમને સમજનારો માણસ બીજાને માન સન્માન આપીને જ ચાલે, ત્યાર બાદ બીજા કોઈનું પણ શોષણ કરવાનો તો પ્રશ્ન જ પેદા નથી થતો. પરંતુ આધુનિક સમયમાં પણ જાતિવાદી માનસિકતા ભયંકર રીતે પ્રવૃત રહ્યાના દાખલા આપણે જોતા આવ્યા છે અને એટલે જ તો સાહિત્યમાં એક દલિત સાહિત્ય નામે મોટા પાયે શોષણના વિરોધનું સાહિત્ય સર્જાય રહ્યું છે જેને નજરઅંદાજ કરી શકાય તેમ નથી.ભારતીય સાહિત્ય તો સમાનતા-Equalityની જીકર કરે છે. નરસિંહ મહેતાએ તો વર્ષો પહેલા કહેલું કે-

"હરિજનથી જે અંતર ગણશે તેના ફેરા ફોગટ ઠાલા રે"૯

નરસિંહ મહેતાની ફિલસુફી ફેક્ટની ફાઈનેષ્ટ ફોરમ છે અને એટલી નેચરલ,નીટ અને નોર્મલ છે કે એ સરળતાથી સૌને સમજાઈ શકે છે. પણ આજના સમયમાં મોટા ભાગના લોકો – જેને આપણે ખરેખર એબનોર્મલ કહેવું જોઈએ એવા લોકો આજે પણ આ માનવીયતાના માપદંડને સમજી શકતા નથી અને પોતાના માનસિક પછાતપણાનો પરચો આપતા રહેતા હોય છે.

ભારતના એકમાત્ર સાહિત્ય માટેના નોબેલ વિજેતા રવીન્દ્રનાથ ટાગોર તેમના સાહિત્યમાં ભારતને ભારોભાર માન-સન્માન આપે છે તેઓ ભારતને ઉદ્દેશીને જે કહે છે  તે પંક્તિઓમાંથી જ આ  દેશના મૂલ્યો ની મહાનતા સમજાય જાય છે-

"તેં નૃપતિને મુકુટ અને સિંહાસનનો ત્યાગ કરીને દરિદ્રવેશ ધારણ કરવાનું શીખવ્યું છે;

વીરને તેં ધર્મયુદ્ધમાં દુશ્મનને ક્ષમા કરવાનું શીખવ્યું છે;

ગૃહસ્થને તેં પડોશીઓ, અતિથિઓ ને અનાથોમાં ઘરનો વિસ્તાર કરવાનું શીખવ્યું છે;

તેં ભોગને સંયમની સાથે બાંધ્યો છે, નિર્મલ વૈરાગ્યથી તેં દૈન્યને ઉજ્જવલ બનાવ્યું છે,

સંપતિને તેં પુણ્યકર્મ દ્વારા મંગલ બનાવી છે."૧૦

આજે કૉલેજ-યુનિવર્સિટીઓ મોટી સંખ્યામાં વધી હોવા છતાં રવીન્દ્રનાથ ટાગોરના ઉપરોક્ત વિચાર નિર્માયા નથી. ભણતરના મોટા વ્યાપ બાદ પણ કોઈ ખાસ પરિવર્તન જોઈ શકાતું નથી. એટલે ડિગ્રી મેળવવું અને જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાંથી પસાર થવું એ સાવ જુદું એવા સુરેશ જોષીના મત સાથે આપણે સહમત થવું જ પડે,તેઓ કહે છે-

"વળી આ શિક્ષણ એવા વર્ગમાં પહોંચે છે, જ્યાંથી એનું પ્રસરણ અન્ય સ્તરો સુધી થતું નથી અને વિદ્યાપીઠમાંથી ડિગ્રી મેળવ્યા છતાં જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાંથી પસાર ન થનારો એવો નવો ડિગ્રીધારી અશિક્ષિત વર્ગ ઊભો થતો જાય છે. જેને જ્ઞાનની જરૂર ન હોય, જ્ઞાન પામવા માટેની માનસિક સજ્જતા જેનામાં ન હોય, તેમની પાછળ સમાજ ધન અને શ્રમ વેડફતો રહે છે."૧૧

અને એના પરિણામે જે સ્થિતિ નિર્માણ પામે છે તે ભયંકર છે. જુઓ- "આને પરિણામે, અંતરઆત્મા વિનાનો, કશા પણ ચિંતનથી દૂર ભાગનારો, કોઈ પણ સરમુખત્યારની કદમબોસી કરવા તત્પર, સાંકડા સ્વાર્થની સિધ્ધીમાં જ રચ્યોપચ્યો, જીવન પ્રત્યે ઉદાસીન એવો વર્ગ વધતો જાય છે. આ વર્ગને માટે આપણી સાંસ્કૃતિક સિદ્ધિઓ, આપણા ચિંતકોએ વારસામાં આપેલી સુક્ષ્મ વિચારણાઓ- આ બધાનું કશું મૂલ્ય જ રહેતું નથી.

માનવસંબંધોની કોઈ દ્રઢ ભૂમિકા નથી. સંસ્થાઓના ચોકઠાંઓમાં માનવી સલામતી શોધતો ભરાઈ જાય છે. વિદ્રોહની પરિસ્થિતિ ઊભી થઈ હોવા છતાં એ કાર્ય ઉપાડી લેનારું કોઈ રહ્યું નથી. પ્રવાહપતિતની દશામાં મોટો જનસમૂહ તણાતો જાય છે."૧૨

અહીં એ વાત સાબિત થાય છે કે ભણેલો વર્ગ જાણીજોઈને જ મૂલ્યોને નેવે મૂકી દે છે, શિક્ષણ અને શિક્ષક વિશે તો ચાણક્યનીતિ આજે પણ પ્રસ્તુત છે, ચાણક્ય આપણા ખરા ક્રાંતિકારી શિક્ષક , તત્વચિંતક અને ઉત્તમ નેતૃત્વ કરનારા નેતા છે. ચાણક્યનીતિના અનુસરણના અભાવમાં આજે અનીતિએ મેદાન માર્યું છે, શિક્ષકોની કીમત ફીક્ષ પગારમાં ક્યાંક ફંટાઈ ગઈ છે અને સરકાર સૌથી ટોચ ઉપર પોતાને માને છે, સ્થિતિ ખરેખર વક્ર છે. વ્યાસ રચિત મહાભારતમાં પણ દુર્યોધન કહે છે કે- जानामिधर्ममनचमेंप्रवृति,जानामिअधर्ममनचमेंनिवृति! અને આ અધર્મમાંથી નિવૃત ન થવાના કેવા પરિણામો ભોગવવા પડે એ વાત મહાભારતકાર સારી રીતે દર્શાવી આપે છે. આજે તો સત્ય અને નૈતિકતાનું એ રીતે ધોવાણ થયું છે કે ઈશ્વરની હયાતીની કોઈ શક્યતા જ સાહિત્યકારને દેખાતી નથી એટલે જ નિરંજન ભગત લખે છે-

"એકડે એકો,

પરમેશ્વરને નામે પહેલા મેલો મોટો છેકો”૧૩

ભારતીય સાહિત્યમાં ભારતની અખંડિતતા અને એકતા તેમજ સાંસ્કૃતિક મૂલ્યોનો વારસો –માનવીયતાનો-સંવેદનશીલતાનો અભિગમ છે. આધુનિક પરિપ્રેક્ષ્યમાં એની તાતી જરૂરિયાત છે. અહીં જેટલા સર્જકોનો-સાહિત્યનો ઉલ્લેખ છે એ તો માત્ર ઉપરછલ્લો ઉલ્લેખ છે. અનેક સર્જકોની કૃતિઓએ કાલાતીત સત્યની રજૂઆત કરી છે, અને એ કાલાતીત સત્ય આધુનિક સમય પહેલા પણ હયાત હતું અને હવે પછીના સમય પછી પણ રહેશે એ વાતમાં કોઈ બે મત નથી. આધુનિકતાની પડકારજનક આંધીમાં આ ભારતીય સાહિત્યનું વિવેકબુદ્ધિપૂર્વક પરિશીલન થાય તો ચોક્કસ એમાંથી રસ્તો મળી જ રહેશે. આજની સ્થિતિ ખરેખર વેરીફાઈડ વિકટ છે જ, પરંતુ એક ખુબસુરત ગીતની આ પંક્તિ આપણી આશાને જીવાડવા માટે સહાયભૂત થતી લાગે છે-

“ લંબી હૈ ગમ કી શામ,
મગર શામ હી તો હૈ ”૧૪

સંદર્ભ-

I. અરધી સદીની વાચનયાત્રા, સં-મહેન્દ્ર મેઘાણી, લોક મિલાપ ટ્રસ્ટ, ભાવનગર, ચોથી આવૃત્તિ-૨૦૦૫, પૃ.૨૮૧.

II. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય(ઈતિહાસ), પ્રી.ડૉ.બહેચરભાઈ ર. પટેલ, નવભારત સાહિત્ય મંદિર-અમદાવાદ, પ્ર.આ-૧૯૯૩, પૃ.૧૮૯.

III. તુલનાત્મક સાહિત્ય:ભારતીય સંદર્ભ, અનુવાદક-સંપાદક–ડૉ.ચૈતન્ય દેસાઈ, યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ-૧૯૯૬, પૃ.૬૦.

IV. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-૨, ધીરુભાઈ ઠાકર, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ, નવમી આવૃત્તિ-૧૯૮૨, પૃ.૩૪૮.

V. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ડૉ.રમેશ ત્રિવેદી, આદર્શ પ્રકાશન-અમદાવાદ, ત્રીજી શોધિત-વર્ધિત આવૃત્તિ-૨૦૦૫, પૃ.૧૭૨.

VI. સાહિર લુધિયાનવીની રચના, ૧૯૫૯ની ફિલ્મ ‘ધૂલ કા ફૂલ’નું ગીત.

VII. નિદા ફાઝલીની જાણીતી રચના, jagjitandchitra.blogspot.com.

VIII. કબીરનો જાણીતો દુહો, http://gyanknowledge.wordpress.com.

IX. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય(ઈતિહાસ), પ્રી.ડૉ.બહેચરભાઈ ર. પટેલ, નવભારત સાહિત્ય મંદિર-અમદાવાદ, પ્ર.આ-૧૯૯૩, પૃ.૯૩.

X. અરધી સદીની વાચનયાત્રા, સં-મહેન્દ્ર મેઘાણી, લોક મિલાપ ટ્રસ્ટ,ભાવનગર, ચોથી આવૃત્તિ-૨૦૦૫, રવીન્દ્રનાથ ઠાકુર, અનુ-નગીનદાસ પારેખ, પૃ.૨૪૩.

XI. એજન, સુરેશ જોશીનો લેખ, પૃ.૧૭૪.

XII. એજન, પૃ.૧૭૫.

XIII. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-૨, ધીરુભાઈ ઠાકર, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, નવમી આવૃત્તિ-૧૯૮૨, પૃ.૩૫૬.

XIV. જાવેદ અખ્તરની રચના, ૧૯૯૩ની ફિલ્મ '૧૯૪૨ અ લવ સ્ટોરી'નું ગીત.

************************************************************************

**ડૉ. મનોજ માહ્યાવંશી**
આસી.પ્રોફેસર,
ગુજરાતી વિભાગ,
ડૉ.એપીજે અબ્દુલ કલામ ગવર્મેન્ટ કૉલેજ,
સિલવાસા-૩૯૬૨૩૦

Copyright © 2012 - 2017 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat